161 ✓

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોતથા
આર્થિક રીતે પછાતવર્ગો ના ઉમેદવારોને
રોજગાર પુર્વે તાલીમ આપવાની યોજના.

---

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પકર/૧૩૭૮/૪૨૮૩૦/છ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૯મી જુલાઇ, ૧૯૭૮.

વંચાણમાં લીધા: -

/૧/ મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧/૪/૭૮ નો ઠરાવ ક્રમાંક: બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪-છ.

/૨/ સમાજ કલ્યાણ નિયામકશ્રીનો તા: ૨૮/૪/૭૮ નો પત્ર ક્રમાંક: ૨૮/૪/૭૮ નો પત્ર ક્રમાંક: સકા/તાકે/૭૭/૭૮/૧૩૫.

ઠરાવ: -

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને તથા આર્થિક રીતે પછાતવર્ગોને વિવિધ રાહતો/લાભો આપવા અંગેના હુકમો મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧/૪/૭૮ ના ઠરાવ ક્રમાંક: બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/છ, અન્વયે કરવામાં આવ્યા છે તે મુજબ, ઉપરોક્ત પછાત વર્ગોના સરકારી નોકરી મેળવવા પાત્ર હોય એવા ઉમેદવારોને, શકય હોય ત્યાં રોજગાર પુર્વે તાલીમ આપવા માટે તાલીમ વર્ગો શરૂ કરવામાં આવશે. આથી આ ઠરાવ સાથેના જોડાણમાં જણાવ્યા મુજબ, ઉપરોક્ત પછાતવર્ગોના ઉમેદવારોને રોજગાર પુર્વે તાલીમ આપવા માટે, અમદાવાદ ખાતે પુર્વ પરીક્ષા તાલીમ કેન્દ્ર શરૂ કરવા માટે રૂા. ૮૭,૩૦૦/- :રૂા. સીત્યાસી હજાર અને ત્રણસો પુરા: ના ખર્ચની યોજનાને મંજુરી આપવામાં આવે છે.

૨. ઉપરોક્ત પુર્વ પરીક્ષા તાલીમ કેન્દ્ર માટે નીચે જણાવ્યા મુજબની હંગામી જગ્યાઓ પ્રાથમિક તબકકામાં તા: ૨૮/૨/૭૯ સુધી ઊભી કરવાની પણ મંજુરી આપવામાં આવે છે.

...૨..,

| અનુક્રમ. | જગ્યાનું નામ. | જગ્યાની સંખ્યા. | પગાર ધોરણ. રૂા. |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| !૧! | તાલીમ અધિકારી વર્ગ-૨. | ૧ | ૬૫૦-૧૨૦૦. |
| !૨! | જુનીયર કલાર્ક. | ૧ | ૨૬૦-૪૦૦. |
| !૩! | પટાવાળા. | ૧ | ૧૯૬-૨૩૨. |

ઉપરોક્ત જગ્યાઓ ઉપર નિમણુંક મેળવનાર અધિકારીઓ ! કર્મચારીઓ નિયમોનુસાર અન્ય ભથ્થાં મેળવવાને પાત્ર રહેશે.

૩. આ યોજનાનો અમલ કરવા માટે જરૂરી પગલાં સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદે લેવાં. તેમણે ઉપરોક્ત મહેકમ તાત્કાલિક ગોઠવવા અને તેની ઉપર વહીવટીય દેખરેખ રાખવા અંગેની તમામ વ્યવસ્થા પણ તાત્કાલિક કરવી.

૪. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર "૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ચ બીજી સામાજીક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ-: ક: બીજા કાર્યક્રમો-એસ૦ડબલ્યુ-સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના આર્થિક ઉત્કર્ષ માટે યોજના" ખાતે ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવો.

૫. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા: ૨૬!૬!૭૮ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુ. ભુ. બક્ષી.<br>
સેકશન અધિકારી,<br>
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,

મંત્રીશ્રી !સમાજ કલ્યાણ! ના અંગત સચિવશ્રી !વધારાની પાંચ નકલો સાથે!

સંસદીય સચિવશ્રી, !સમાજ કલ્યાણ! ના અંગત મદદનીશશ્રી.

સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

!વધારાની પાંચ નકલો સાથે. !

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર.

!વધારાની પાંચ નકલો સાથે. !

!X! ડાયરેક્ટર જનરલશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ભારત સરકાર, ગૃહમંત્રાલય, શાસ્ત્રીભવન, નવી દિલ્હી-૧.

!X! અનુસૂચિત જાતિ !જનજાતિ માટેના કમિશ્નરશ્રી, આર. કે. પુરમ, નવી દિલ્હી-૨૨.

!X! વિભાગીય નિયામકશ્રી, પછાત વર્ગ કલ્યાણ, ૮, મીલ અધિકારીઓની કોલોની, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ !રાજ્ય!

મહાલેખાધિકારી, ગુજરાત રાજ્ય, અમદાવાદ!રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ.

સ્થાનિક તપાસણી અધિકારી, અમદાવાદ.

નાણાં શાખા, મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

"જ" શાખા, મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

"મ" શાખા, " " "

"બ" શાખા " " "

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર. આ અંગે બહોળી પ્રસિધ્ધી કરવા અર્થે.

સીલેક્ટ ફાઇલ- હ શાખા.

---

!X! પત્ર ધ્વારા.

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના
તારીખ. ૨૯।૭।૭૮ના ઠરાવ ક્રમાંક: પકર।૧૩૭૮।૪૨૮ 30-છ,
સાથેનું જોડાણ:-

---

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે
પછાતવર્ગોના ઉમેદવારોને રોજગાર પુર્વે તાલીમ આપવાની
યોજના.

---

યોજના:-રોજગાર પુર્વે તાલીમ આપવા માટે અમદાવાદ
ખાતે પુર્વ પરીક્ષા તાલીમ કેન્દ્ર શરૂ કરવા બાબત.

આવર્તક ખર્ચ :- રૂ. ૭૯,300।-
અનાવર્તક ખર્ચ: - રૂ. ૮,000।-
એકંદરે કુલખર્ચ: - રૂ. ૮૭,300।-

યોજના અંગે ટૂંક નોંધ:-સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો તેમના લાંબા સમયના પછાતપણાને કારણે, અને તેમનો અભ્યાસ પાયામાંથી નબળો રહેતો હોવાથી તેઓ સરકારી નોકરીઓ માટેની ગુજરાત જાહેર સેવા પંચની તથા કેન્દ્રિય યુનિયના જાહેર સેવા પંચની, રાષ્ટ્રિયકૃત બેન્કો તથા વૈધાનિક નિગમો-વગેરે માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ-માં સારો દેખાવ કરી શકતા નથી. આથી આવા સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી નોકરી મેળવવાનું તેઓ માટે ખુબજ મુશ્કેલ હોય છે. આથી પછાતવર્ગોના ઉમેદવારોની નોકરીની તકો સુધારવાનું આવશ્યક છે. બક્ષી પંચે શકય હોય ત્યાં, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના જે ઉમેદવારો સરકારી નોકરી મેળવવા પાત્ર હોય, એમને રોજગાર પુર્વ તાલીમ આપવા માટે, પુર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો શરૂ કરવામાટે ભલામણ કરી છે. સરકારે આ અંગેનો લાભ આર્થિક રીતે પછાતવર્ગના ઉમેદવારોને પણ આપવા માટે નિર્ણય કર્યો છે. આથી ઉપરોકત પછાતવર્ગોના ઉમેદવારોને રોજગાર પુર્વે તાલીમ આપવા માટે, અમદાવાદ ખાતે પુર્વ પરીક્ષા તાલીમ કેન્દ્ર શરૂ કરવાનું નકકી કરવામાં આવ્યું છે.

આ કેન્દ્રમાં ત્રણ માસના અને છ માસના એમ બે જાતના વર્ગો ચાલશે. ત્રણ માસના વર્ગો માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા :એસ. એસ. સી.: પાસ થયેલા ઉમેદવારો માટે અને છમાસના વર્ગો સ્નાતક: ગ્રેજ્યુએટ: થયેલા ઉમેદવારો માટે ચલાવવામાં આવશે.

આ વર્ગોમાં તાલીમાર્થીઓની સંખ્યા ૩૦ની રાખવામાં આવશે. ઘેર રહીને અભ્યાસ કરતા ઉમેદવારોને માસિક રૂ. ૭૫।- :રૂ. પંચોતેર પુરા: ની અને છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતાં ઉમેદવારોને માસિક રૂ. ૧૦૦।- :રૂ. એકસો પુરા: ની વૃત્તિકા :સ્ટાઇપેન્ડ: નિભાવ ભથ્થા તરીકે અગાઉથી આપવામાં આવશે. આ કેન્દ્રમાં દાખલ થનાર ઉમેદવાર પાસેથી કોઇપણ પ્રકારની ફી લેવામાં આવશે નહીં. આ કેન્દ્રમાં જે તે વિષયના નિષ્ણાતો દ્વારા તાલીમ અને માર્ગદર્શન આપવામાં આવશે. આ કેન્દ્રોનો વિગતવાર ખર્ચ નીચે પ્રમાણે રહેશે :-

અનાવર્તક ખર્ચ:-

| | | રૂ. |
|---|---|---|
| ।૧। | વૃત્તિકા।સ્ટાઇપેન્ડ। | |
| | ૧૮ તાલીમાર્થીઓને દર મહીને રૂ. ૭૫ લેખે ૧૦ માસના. | ૧૩,૫૦૦ |
| | ૧૨ તાલીમાર્થીઓને દર મહીને રૂ. ૧૦૦।-લેખે ૧૦ માસના. | ૧૨,૦૦૦ |
| ।૨। | એક તાલીમ અધિકારી-વર્ગ-૨ પગાર ધોરણ રૂ. ૬૫૦-૧૨૦૦ :અન્ય ભથ્થાઓ સાથે.: | ૧૨,૦૦૦ |
| ।૩। | એક જુનીયર કલાર્ક:અનુભવી: પગાર ધોરણ રૂ. ૨૬૦-૪૦૦ :અન્ય ભથ્થાઓ સાથે.: | ૬,૦૦૦ |
| ।૪। | એક પટાવાળો. પગાર ધોરણ રૂ. ૧૯૬-૨૩૨. :અન્ય ભથ્થાઓ સાથે.: | ૪,૮૦૦ |
| ।૫। | મકાનભાડું: વર્ગ અને છાત્રાલય માટે: માસિક રૂ. ૧,૦૦૦ લેખે. | ૧૨,૦૦૦ |
| ।૬। | અધ્યાપકોનું મહેનતાણું: એક વ્યાખ્યાન દીઠ રૂ. ૨૦।-પ્રમાણે, રોજના ચાર વ્યાખ્યાન ૧૦ માસ સુધી.: | ૧૯,૦૦૦ |
| | | ૭૯,૩૦૦ |

અનાવર્તક ખર્ચ:-

| | | |
|---|---|---|
| ।૧। | ફર્નિચર આકસ્મિક :કન્ટીજન્સી: ખર્ચ- | ૫,૦૦૦ |
| ।૨। | પુસ્તકાલય-પુસ્તકો. | ૩,૦૦૦ |
| | રૂ. | ૮,૦૦૦ |

આવર્તક અને અનાવર્તક મળીને કુલ ખર્ચ રૂ. ૮૭,૩૦૦.

સોની।૨૧.૭.૭૮।